- પોપટ લખમણ ખુંટી

લોક સંસ્કૃતિ એટલે લોકોની જીવનશૈલીની તમામ ઘટનાઓ કે જે પરાપૂર્વથી ચાલી આવતી હોય છે. લોકસંસ્કૃતિમાં ભાષા કે બોલી પોષાક,આભૂષણ,શૃંગાર પ્રસાધનો, રહેણાંક,ખોરાક, સાહિત્ય,તહેવારો, વહેવારો, ધર્મ જેવી તમામ બાબતો જોડાયેલી હોય છે.આ દરેક બાબત પર હજારો કે સેંકડો વર્ષોના સંશોધન કે નિષ્કર્ષ પછી નિર્મિત બને છે. સંસ્કૃતિ નિર્માણમાં અનેક પરિબળો અસર કરતાં હોય છે. જેવા કે આબોહવા, ભૂગોળ, સ્થાનિક ઉત્પાદનો,પર્યાવરણ અને પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃતિની સાદી વ્યાખ્યા કરવી હોય તો એટલું કહી શકાય કે "એવું જૂનું કે જે ક્યારેય જુનું ન થાય." સંસ્કૃતિ એટલે જે તે સમાજ માટે એક સામાજિક બંધારણની ભૂમિકા ભજવે છે. સમય સાથે આધુનિકતા સર્વ સ્વીકૃત અને જરૂરી પણ છે. જેનાથી સંસ્કૃત કોઈ નકારાત્મક અસર થતી નથી પરંતુ સંસ્કૃતિનો આધુનિકરણ તે ઘાતક અથવા માઠી અસરો ઉભી કરી શકે છે. પિત્ઝા સ્વીકારવો ખરાબ નથી પરંતુ રોટલાનું પિઝાકરણ કરવું યોગ્ય નથી.બીજી ભાષા શીખવી કે સ્વીકારવી ખરાબ નથી. પરંતુ આપણા સાહિત્યનું સંકરણ ઘાતક બને છે.
સંસ્કૃતિ એ બાહય દેખાવ કરતા જરુરિયાતને વધુ મહત્વ આપે છે. જયારે ફેશન જરુરિયાત કરતા બાહય ભપકાને વધુ મહત્વ આપે છે. જેમ કે પારંપારિક ભોજન દેખાવ અને સ્વાદ કરતા પણ પોષણને વધારે પ્રાથમિકતા આપે છે. આપણો સ્થાનિક પોષાક દેખાવ કરતાં શરિરની સલામતીને અગત્યતા આપે છે. સંસ્કૃતિ દર્શનનો વિષય છે ફેશન પ્રદર્શનનો વિષય છે. ખાટલામાં સુતી વખતે ખાટલો શરિર જેવો બની જાય છે. જયારે વર્તમાન બેડની મર્યાદા એ છે કે શરિરને બેડ જેવું બનવું પડે છે..
આજે આપણે આપણા પોરબંદર વિસ્તારની લોકસંસ્કૃતિની આછેરી ઝલક મેળવીએ. સામાન્યતઃ દરેક પ્રાંતની લોકસંસ્કૃતિ ત્યાંની સ્થાનિક મુખ્ય વસ્તીને આધીન હોય છે.પોરબંદરની લોકસંસ્કૃતિમાં મહેર સમાજની જીવનશૈલી અને રહેણીકરણીની બહોળી અસર જણાય છે.

* પોરબંદરની લોકબોલી:

સામાન્ય રીતે લોકબોલી જે તે ભાષાના શબ્દોના અપભ્રંશથી બનેલી હોય છે.પરંતુ પોરબંદરના મહેર લોકોની લોકબોલી ગુજરાતીના ઘણા શબ્દો સાથે કોઈ સંબધ ધરાવતા નથી. ઉદાહરણ તરીકે 'કાંવ' જેનો ગુજરાતીમાં મતલબ "શું" એવો થાય છે. પરંતુ કાંવ તેમાંથી ઉતરી આવેલ જણાતો નથી. તેવી જ રીતે 'રોગો', રોગો નો મતલબ 'અમથો' થાય પરંતુ રોગોના પૂર્વજ તરીકે ગુજરાતીમાં કોઈ શબ્દ જણાતો નથી મારી પાસે ના બદલે 'મારે મેરા' જેમાં મેરા શબ્દ ગુજરાતી બહારનો જણાય છે વગેરે....
લોકબોલીના શબ્દો ના ઉચ્ચારણ અને લઢણ-લેહકો ખૂબ જ અગત્ય ધરાવે છે.અહીંની લોકબોલી એક વચનવાળી તુકારા ભરી હોવા છતાં પ્રેમાળ લઢણમાં બોલાય છે.

* પોષાક:

પોરબંદરનો પોષાક ગુજરાતના ગ્રામ્ય જીવન પોશાકને અનુરૂપ છે બહેનોમાં પરિણીત બહેનો લાલ ઢારવો (પેરણું) અને અપરણિત બહેનો સફેદ (ધાસીયું) પેરણું અને કાપડું પહેરે છે. માથા પર પટોળાં ઓઢે છે. પુરુષો ચોરણી અને કેડિયું (આંગળી) પહેરે છે.બરડા વિસ્તારમાં માથા પર પાઘડી પહેરે છે અને ઘેડ પંથકમાં ટોપી પહેરે છે.

પોરબંદરનો ખોરાક: ગુજરાતના ખોરાક સાથે તાલમેલમાં છે.જેમાં મુખ્ય ખોરાક તરીકે બાજરાના રોટલાનો ઉપયોગ થાય છે. પારંપરિક ખોરાકમાં રોટલી શાક દૂધ ચટણીનો ઉપયોગ થાય છે આ ઉપરાંત પ્રસંગ તહેવારો માટે અન્ય ખાણીપીણીનો ઉપયોગ થતો જેમાં સમુહ ભોજન દરમિયાન ઘઉંના લોટના માલપૂડા તેલ અથવા ઘીમાં તળી અને બનાવવામાં આવે છે. આ ઉપરાંત ધાર્મિક ક્રિયાઓ અને નૈવેદ જેવી પ્રથાઓમાં ગોળવાળા ચોખા ઘઉંના લોટની લાપસી (લાફી) પણ

ખોરાકમાં અનેરૂ સ્થાન ધરાવે છે. તાંબા પિત્તળ અને માટીના વાસણોમાં બળતણવાળા ચુલા પર રાંધવામાં આવે છે.

નૃત્ય અને તહેવારો:
આપણો મલક નૃત્યની બાબતમાં પણ ગુજરાત સાથે નાતો ધરાવતો નથી. સામાન્ય રીતે ગુજરાતભરમાં અલગ-અલગ વિસ્તારના નૃત્યોમાં ભક્તિરાસ, પ્રેમરાસ કે શૃંગારરાસ રમાતો જોવા મળે છે. પોરબંદર નૃત્યમાં વિશિષ્ટતા ધરાવતો રાસ રમવામાં આવે છે.જે નૃત્ય યુદ્ધમેદાનમાં વિજય બાદ ઢાલ અને તલવાર અથવા લાકડીના દાંડિયા દ્વારા ઝનૂનપૂર્વક રમવામાં આવે છે. જેમાં ઢોલ અને શરણાઇ જેવા યુદ્ધમેદાનના વાજિંત્રોનો ઉપયોગ થાય છે. સાથે સાથે સોર્ય અને કીર્તિભર્યા રાસડા ગવાઇ છે. આમ ગુજરાતભરમાં શોર્યરાસની જલક મહેરના મણીયારામાં જોવા મળે છે. જેમાં રાણાભાઈ સીડાનું રાસમંડળ વિશ્રવ પ્રસિદ્ધ છે. તહેવારોમાં હોળી, દિવાળી, બળેવ, પસલી વગેરે મનાવાય છે. જેમાં બળેવ(રક્ષાબંધન પર રાખડી ઉપરાંત હરડી દોડ કરવામાં આવે છે. હોળીના ત્રણ પડવા પાળવામાં આવે છે અને આ ત્રણ પડવા દરમ્યાન સવારે ગામના ચોકમાં યુધ્ધકૌવતના દાવ છાણાં અને ઢાલથી રમાય છે. બપોર પછી દાંડીયારાસ રમવામાં આવે છે.

રહેણાંક:

પોરબંદરની લોકસંસ્કૃતિમાં રહેણાકની શૈલી ગુજરાતના અન્ય પ્રાંતો કરતાં જુદી તરી આવે છે. ગુજરાતભરમાં ગામડાઓમાં રહેણાંક જણાય છે. પરંતુ પોરબંદર વિસ્તારમાં ખેતરમાં જ ખોરડા બનાવી અને રહેવાની પરા પુરાણી સંસ્કૃતિ છે. અહીંની પ્રજામાં મહિલાઓ અને પુરુષો ખડતલ અને હિંમતવાન હોવાથી ગામથી દૂર સુદૂરના વિસ્તારમાં એકલવાયા ખેતરમાં પણ રહી શકે છે.ખેતીકામ સાથે પશુપાલન કરે છે. જૂના સમયમાં રહેણાંક માટે અણઘણ પથ્થરની દિવાલોમાં છાણ માટીના લીપણ કરવામાં આવતા મકાનની છત તરીકે ઘાસની ઓથ બનાવી અથવા દેશી નળિયાથી ઢાંકવામાં આવતી. ઓરડાઓ પૂરતી ઉંચાઇ અને ઢોરબાર, રાંધણીયું અને ઓટલા સાથે બનાવવામાં આવતા. હાલમાં ઓરડાઓનું સ્થાન આધુનિક મકાનોએ લઇ લીધું છે પરંતુ રહેણાક આજે પણ વાડી વિસ્તારમાં થાય છે.
ધર્મ: પોરબંદર વિસ્તારમાં મુખ્યત્વે હિન્દુ વસ્તી ઉપરાંત ઈસ્લામ પણ છે. બન્ને વચ્ચે ખૂબજ ધાર્મિક સમભાવ પણ જણાય છે. કેટલીક ગંજપીર ધોડાદર જેવી દરગાહો પર મોટાભાગે હિન્દુ શ્રધાળુઓ જોવા મળે છે. હિન્દુ ધરમમાં સનાતન હિન્દુ સંપ્રદાયમાં માનનાર વર્ગ બહોળો છે. રામાપીર અને વાછરાડાડાની પુજા ઉપાસના કરતો વર્ગ છે. ભજનભાવ અને આશરા ધર્મનું અનેરુ મહત્વ છે. અહીં માનવતાને કાયમ પ્રાથમિકતા અપાય છે. અહીની સંસ્કૃતિ મહદઅંશે ગુજરાતની અન્ય સભ્યતાથી જુદી હોવાથી લોકોને આકર્ષતી રહે છે.

- પોપટ લખમણ ખુંટી
  રાણાવાવ,
  હુતાસણી ફાગણ માસ